"Driving Salamat To Jivan Salamat"

अखिल गुजरात ट्रक ट्रान्सपोर्ट एसोसिएशन

AKHIL GUJARAT TRUCK TRANSPORT ASSOCIATION

૭૫, सहजानंद शॉपींग सेन्टर, स्वामी नारायण मंदिरनी सामे,
शाहीबाग रोड, अहमदावाद-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 2562 1447
E-mail : agtta.gujarat@yahoo.com Web : www.agtta.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibag Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 2562 1447
E-mail : agtta.gujarat@yahoo.com Web : www.agtta.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Gandhinagar)
(O) 79-23250123/24
Fax : 79-23250125 (M) 99250 25148

Acting President :
SHRI MAVJIBHAI B. DODIA
(Rajkot)
(O) 0281-2481900
Fax : 0281-2482186 (M) 96240 19991

Hon. Secretary :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516, 079-65449241,
079-65449187 (M) 98240 39477

---

રેફ.નં. : એ.જી.ટી.ટી.એ./૨૦૧૬-૨૦૧૭/૧૯ તા.૦૬-૦૨-૨૦૧૭

પ્રતિશ્રી,
**માન.શ્રી વિજયભાઈ રૂપાણી**
માન.મુખ્યમંત્રીશ્રી
સ્વર્ણિમ સંકુલન-૧, પહેલે માળ, ન્યુ સચિવાલય,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

વિષય :- **ટ્રાન્સપોર્ટ ઉદ્યોગને લગતાં અગત્યના મુદાઓની રજુઆત કરવા બાબત**

માનનીયશ્રી,

સવિનય જણાવવાનું કે નીચે જણાવેલ મુદ્દાઓની ઘણીવાર ચર્ચા થયેલ છે પણ તેના નિરાકરણ અર્થે વિનંતી સહ નીચે મુજબની રજુઆત છે.

૧. છ માસીક તેમજ વાર્ષિક ટેક્ષ ભરવાની તારીખોમાં પહેલા ૭ દિવસની છુટ હતી પણ તે ૭ દિવસોમાં આવતી રજાઓ કે બેંકની રજા કે રવિવારને ધ્યાનમાં રાખી દર છ મહિને અમો રજુઆત કરતા અને તે મુદત ૧૫ થી ૨૦ દિવસ સુધી વધારવામાં આવતી. તેથી અમોએ દરેક વખતે આવી રજુઆત કરવાની અને વહીવટીય અગવડતાઓ દુર કરવા સરકારશ્રીને કાયમી ધોરણે મુદત વધારવા વિનંતી કરેલ જે પ્રમાણે દિન ૧૦ ની છુટ આપવામાં આવેલ, પણ ત્યારબાદ ૨ અને ૪ શનિવારે બેંકો ની રજા આવતા તેમજ ૨ રવિવાર તેમજ કોઈ જાહેર રજા આવી જાય તો તે ગાળો દિવસ ૭ થી પણ ઓછો થઈ જતો હોય તેને આર.ટી.ઓ. ઓફિસના કાર્યભારને જોતા કાયમી ધોરણે દિન ૨૦નો કરવા રજુઆત છે.

૨. તા.૦૧-૦૭-૨૦૧૬થી નવા વાહનોના રજીસ્ટ્રેશન થયા બાદ રજીસ્ટ્રેશન બુક કોઈપણ કારણોસર આપવામાં આવેલ નથી. તો તે બાબતે યોગ્ય કરી કાયમીધોરણે ૪૮ કલાકમાં મળે તેવી વ્યવસ્થા કરવા અમારી રજુઆત છે.

૩. ડુપ્લીકેટ પરમીટ મેળવવા એફીડેવીટ કરી અરજી આપી મેળવી શકાય છે, પણ ડુપ્લીકેટ આર.સી. બુક મેળવવા પોલીસ કેસ ફરજીયાત હોય તે ખુબ જ અગવડતા ભર્યુ અને સમયનો વ્યય કરનાર બને છે. તેથી ડુપ્લીકેટ આર.સી.બુક માટે પણ આ વ્યવસ્થા દાખલ કરવા રજુઆત છે.

૪. છેલ્લા ૨-૩ માસથી કોમ્પ્યુટરાઈઝ ફીટનેસ સર્ટીફીકેટ આપવા માટે અલગથી રૂ.૧૦૦/- ફી લેવાય છે, પણ આજ સુધી આવા કોઈ સર્ટીફીકેટ આપવામાં આવેલ નથી. તો તાત્કાલીક ધોરણે તે ફી લેવાની બંધ કરવા અમારી રજુઆત છે.

૫. કેરેજ બાય રોડ એકટ ૨૦૦૭ મુજબ ગુજરાત રાજ્યમાં ટ્રાન્સપોર્ટ કંપનીઓને રજીસ્ટર્ડ કરવા બાબતે જે તે આરટીઓમાં સત્વરે વ્યવસ્થા કરવા વિનંતી.

આભારસહ,

આપનો વિશ્વાસુ,

**મુકેશભાઈ સી. દવે**
**(માનદમંત્રી)**

**નકલ રવાના :**

૧. માન. શ્રી વલ્લભભાઈ કાકડિયા-માન.રાજયકક્ષાના મંત્રીશ્રી વાહન વ્યવહાર (સ્વતંત્ર હવાલો)-ગુજરાત રાજ્ય, ગાંધીનગર.